| | | | | |
|---|---|---|---|---|
| **રજુ તારીખ** | :: | **૧૦/૧૦/૨૦૨૫** | | |
| **દાખલ તારીખ** | :: | **૧૦/૧૦/૨૦૨૫** | | |
| **ફેંસલ તારીખ** | :: | **૩૦ /૦૬/૨૦૨૬** | | |
| **અવધિ** | :: | **વર્ષ** | **માસ** | **દિવસ** |
| | | **૦૦** | **૦૮** | **૨૦** |

---

**સંતરામપુરના મહે. એડી.ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં,**
**મુ.સંતરામપુર, જી.મહીસાગર.**

---

**<u>ફોજદારી કેસ નં.૯૬૪/૨૫</u>**
**આંક –૧૧**

ફરીયાદી:– શ્રી સરકાર

**વિરુધ્ધ**

આરોપી : (૧)રાજેશભાઈ ભુંડાભાઈ તડવી
રહે. લીમડી, તા.સંતરામપુર, જી.મહીસાગર

---

**ગુન્હો :– BNS-2023 ની કલમ–૧૧૫(૨), ૩૫૨, ૩૫૧(૩) મુજબ..**

---

**ફરીયાદ પક્ષે વિ.એ.પી.પી.શ્રી કે.કે.ડાભી**
**આરોપી તરફે વિ.વકીલ શ્રી જે.એલ.ડામોર અને આર.કે.ડામોર**

---

**– : <u>ચુકાદો</u> : –**

(૧) આરોપી વિરૂધ્ધ BNS-2023ની કલમ–૧૧૫(૨), ૩૫૨, ૩૫૧(૩) મુજબનાં શિક્ષાપાત્ર ગુના અંગે આરોપ છે.

(૨) ફરિયાદપક્ષનાં કેસની ટુંકમાં હકીકત એવી છે કે,આ કામના આરોપીએ ગઈ તા:–૦૪/૦૩/૨૦૨૫ ના રોજ કલાક ૦૯/૩૦ વાગ્યે મોજે.લીમડી

ગામે આ કામના ફરીયાદી તેમના કાકા મોહનભાઈ વેલજીભાઈના ઘરે ગયેલ અને ત્યાં જઈને તેમના કાકાની ખબર અંતર પુછી વાતચીત કરતાં તે દરમિયાન આરોપી રાજેશભાઈ ભુંડાભાઈ તડવીનો ફરીયાદીને કહેતો હતો કે,તુ અહીયા આવી મારી શું વાતો કરે છે.તેમ કહી ગાળો બોલવા લાગેલ. જેથી ફરીયાદીએ તેમને ગાળો બોલવાની ના પાડતા આરોપી એકદમ ઉશ્કેરાઈ જઈ ફરીયાદીની ફેટ પકડી ફરીયાદીને જમણા ગાલ ઉપર બે લાફા મારી દઈ ગાળો બોલી જાનથી મારી નાખવાની ધમકી આપી ગુન્હો કરી BNS-2023ની કલમ–૧૧૫(૨), ૩૫૨, ૩૫૧(૩) મુજબનો ગુનો કર્યાની ફરીયાદ ફરીયાદીએ સંતરામપુર પો.સ્ટે.માં આપતાં સદર ફરીયાદ સંતરામપુર પો.સ્ટે. બી પાર્ટ ગુના રજી.નં.૧૧૧૮૭૦૦૭૨૫૦૧૭૪ /૨૦૨૫ થી રજીસ્ટર્ડ કરેલ અને તે કામે તપાસ કરનાર અધિકારીએ આંક–૧ મુજબનું ચાર્જશીટ અત્રેની કોર્ટમાં રજુ કરેલ છે.

(૩) આ કામના આરોપીને સમન્સ કરતાં આરોપી કોર્ટમાં હાજર થતાં તેમને પોલીસ તપાસના તમામ પેપર્સની નકલો વિના મૂલ્યે મળી ગયાની ખાત્રી કર્યા બાદ આંક–૦૩થી આરોપી સામે તહોમતનામું ઘડી આંક–૦૪ આરોપી ની પ્લી રેકર્ડ કરેલ જેમાં આરોપીએ ગુનાનો ઈન્કાર કરતાં કેસની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ.

(૪) આ કામમાં ફરિયાદ પક્ષ તરફથી નીચે મુજબના પુરાવા રજૂ થયેલ છે.

**::ફોર્મ–સી::**

**ફરિયાદપક્ષના સાક્ષીનું લિસ્ટ–**

| અ.નં. | આંક | નામ | પુરાવા નો પ્રકાર |
|---|---|---|---|
| ફ.સા.૧ | ૦૬ | મનોરભાઈ ચતુરભાઈ બામણીયાની જુબાની | ફરીયાદી |

**ફરિયાદીપક્ષના દસ્તાવેજી પુરાવા વાળા આંકનું લિસ્ટ–**

| અ.નં. | આંક સંખ્યા | વર્ણન |
|---|---|---|
| ૧. | આંક–૦૭ | ફરીયાદ |
| ૨. | આંક–૦૮ | ગુન્હાવાળી જગ્યાનું પંચનામું |

(૫) ત્યારબાદ સદર કામે બી.એન.એસ.એસ. કલમ ૩૫૧ અન્વયે આરોપીનું વિશેષ નિવેદન નોંધવાં યોગ્ય પુરાવો રેકર્ડ પર જણાતો ન હોય આરોપીનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ નથી. ત્યારબાદ બંને પક્ષોની મૌખિક દલીલો સાંભળવામાં આવેલ છે.

(૬) આ કેસના નિર્ણય માટે મારી સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થયેલ છે.

મુદ્દા નં.૧.

શું ફરિયાદપક્ષ નિ:શકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ ગઈ તા:–૦૪/૦૩/૨૦૨૫ ના રોજ કલાક ૦૯/૩૦ વાગ્યે મોજે.લીમડી ગામે આ કામના ફરીયાદી તેમના કાકા મોહનભાઈ વેલજીભાઈના ઘરે ગયેલ અને ત્યાં જઈને તેમના કાકાની ખબર અંતર પુછી વાતચીત કરતાં તે દરમિયાન આરોપી રાજેશભાઈ ભુંડાભાઈ તડવીનો ફરીયાદીને કહેતો હતો કે,તુ અહીયા આવી મારી શું વાતો કરે છે. તેમ કહી ગાળો બોલવા લાગેલ.જેથી ફરીયાદીએ તેમને ગાળો બોલવાની ના પાડતા આરોપી એકદમ ઉશ્કેરાઈ જઈ ફરીયાદીની ફેટ પકડી ફરીયાદીને જમણા ગાલ ઉપર બે લાફા મારી દઈ ગાળો બોલી જાનથી મારી

નાખવાની ધમકી આપી ગુન્હો કરી BNS-2023ની કલમ–૧૧૫ (૨),૩૫૨,૩૫૧(૩) મુજબનો શિક્ષાનેપાત્ર ગુનો કરેલ છે ?

મુદ્દા નં.ર છેવટે શું હુકમ ?

(૭) ઉપરોકત મુદ્દાઓના મારાં નિર્ણય નીચે મુજબના છે.

મુદ્દા નં.૧ નકારમાં

મુદ્દા નં.ર આખરી હુકમ મુજબ.

## ::– નિર્ણય માટેના કારણો –::

**મુદ્દા નં.૧ અને ર.**

(૮) હાલનાં કામે ફરીયાદપક્ષ તર્ફે આ કામનાં આરોપી ઉપર એવો આક્ષેપ છે કે, આ કામના આરોપીએ ગઈ તા:–૦૪/૦૩/૨૦૨૫ ના રોજ કલાક ૦૯/૩૦ વાગ્યે મોજે.લીમડી ગામે આ કામના ફરીયાદી તેમના કાકા મોહનભાઈ વેલજીભાઈના ઘરે ગયેલ અને ત્યાં જઈને તેમના કાકાની ખબર અંતર પુછી વાતચીત કરતાં તે દરમિયાન આરોપી રાજેશભાઈ ભુંડાભાઈ તડવીનો ફરીયાદીને કહેતો હતો કે,તુ અહીયા આવી મારી શું વાતો કરે છે. તેમ કહી ગાળો બોલવા લાગેલ.જેથી ફરીયાદીએ તેમને ગાળો બોલવાની ના પાડતા આરોપી એકદમ ઉશ્કેરાઈ જઈ ફરીયાદીની ફેટ પકડી ફરીયાદીને જમણા ગાલ ઉપર બે લાફા મારી દઈ ગાળો બોલી જાનથી મારી નાખવાની ધમકી આપી ગુન્હો કરી BNS-2023ની કલમ–૧૧૫(૨),૩૫૨,૩૫૧(૩)મુજબનો શિક્ષા ને પાત્ર ગુનો કરેલ છે જે હકીકત ફરીયાદપક્ષે પુરાવાથી નિ:શંક પણે પુરવાર કરવી જોઈએ.

## ફરીયાદ પક્ષના મૌખીક પુરાવાનુ વર્ણન

(૯) ફરીયાદપક્ષે આંક–૦૬ થી ફરીયાદી મનોરભાઈ ચતુરભાઈ બામણીયાનાઓ તેમના પુરાવામા જણાવે છે કે,આ કામના આરોપી તેમના કુટુંબી થતાં હોય તેઓ તેમને ઓળખે છે. ફરીયાદ વાળો બનાવ તા.૦૪/૦૩/૨૦૨૫ ના રોજ સાડા નવ વાગ્યે બનેલો.બનાવ સમયે તેઓ તેમના કાકા મોહનભાઈ વેલજી ભાઈના ઘરે તેમના ખબર–અંતર પુછવા ગયેલા.તે વખતે તેઆને આરોપી સાથે સામાન્ય બોલાચાલી અને ઝપાઝપી થયેલી.તે સિવાય બીજુ કંઈ બનેલ નહી. બનાવ બાબતે તેમણે આવેશમાં આવીને ફરીયાદ આપેલી. જે ફરીયાદ તેમને બતાવવામાં આવે છે.તેમાં તેમની સહી છે.જે તેઓ ઓળખી બતાવે છે. જે ફરીયાદને રજુ દાખલ આંક–૦૭ આપવામાં આવેલ છે.

સદર,સાહેદ ફરીયાદ હકીકતને સમર્થનકારી પુરાવો જણાવતાના હોય વિ.એ.પી.પી.શ્રી મારફતે સદર સાહેદને ફરી ગયેલા સાહેદ તરીકે જાહેર કરી ઉલટતપાસમાં પુછી શકાય તેવા સવાલો પુછવા છતા ફરીયાદ હકીકત ને સમર્થન મળે તેવો કોઈ પુરાવો જણાવતા નથી.

સદર સાહેદ બચાવપક્ષની ઉલટતપાસમાં એ હકિકતનો સ્વીકાર કરે છે કે, બનાવમાં સામાન્ય બોલાચાલી થયેલી, આરોપીએ તેમને લાફો મારેલો હોય તેમ બનેલ નથી, આરોપીઓએ તેમને કે અન્ય કોઈને ગાળો આપેલ હોય કે કોઈ પ્રકારની જાનથી મારી નાખવાની ધમકી આપેલ હોય તેમ બનેલ નથી.

**<u>પુરાવાનુ મૂલ્યાંકન</u>**

(૧૦) ઉપરોકત રજુ થયેલ મૌખીક પુરાવા તથા અત્રે ટેબલમાં દર્શાવેલ પુરાવાનુ તુલનાત્મક મૂલ્યાંકન કરી કેસના ન્યાય નિર્ણય ઉપર પહોંચવાનુ રહે છે હવે આ કામના ફરીયાદીએ તેમની સોગંદપરની જુબાનીમાં ફરીયાદપક્ષનાં કેસને સમર્થનકારી પુરાવો આપતાં ન હોય ફરી ગયેલા જાહેર થયેલ છે અને ત્યારબાદની ઉલટતપાસમાં તેઓ ફરીયાદપક્ષનાં કેસને સમર્થનકારી લેશ

માત્ર હકીકત જણાવતાં નથી. વધુમાં તેમની બચાવપક્ષ તર્ફે કરવામાં આવેલ ઉલટતપાસમાં એ વાતનો સ્વીકાર કરે છે કે, બનાવમાં સામાન્ય બોલાચાલી થયેલી તથા આરોપીએ તેમને લાફો મારેલો હોય તેમ બનેલો નથી તથા આરોપીઓએ તેમને કે અન્ય કોઈને ગાળો આપેલ હોય કે કોઈ પ્રકારની જાનથી મારી નાખવાની ધમકી આપેલ હોય તેમ બનેલ નથી. વધુમાં આ કામે ગુનાવાળી જગ્યાના પંચનામાને એડમીટ કરવામાં આવેલ છે જે મુખ્ય પુરાવાના સમર્થનમાં ધ્યાને લેવાના રહે છે. આ કામે કોઈ સાહેદોને તપાસવામાં આવેલ નથી અને ફરીયાદ પક્ષ તરફથી પુરાવા બંધની પુરસીસ આપેલ છે તેથી આ સંજોગો માં ફરીયાદી ની પુરસીસ આધારે પુરાવો બંધ કરવામાં આવેલ છે. આમ, ફરીયાદપક્ષ દ્વારા રેકર્ડપર રજુ કરવામાં આવેલ પુરાવા મુજબ આ કામનાં આરોપી દ્વારા ફરીયાદીને સ્વેરછાપૂર્વકની વ્યથા પહોચાડેલ હોવાનુ પુરવાર થતુ નથી વધુમા આરોપીને જાનથી મારી નાંખવાની ધમકી આપવામાં આવેલ હોય કે આરોપીએ ફરીયાદી ઉશ્કેરાઈ જઈ ગુનો કરી બેસે તેવા ઈરાદા થી તેઓનું આરોપીએ અપમાન કરેલ હોય તેવી પણ કોઈ હકીકત ફરીયાદ પક્ષ તરફથી રજુ રાખેલ પુરાવાથી ફલીત થતી નથી આમ,આ કામે તપાસવા માં આવેલ ફરીયાદીની જુબાની ધ્યાને લેતાં ફરિયાદપક્ષ આરોપીઓ વિરૂધ્ધનો પોતાનો કેસ પુરાવાથી નિ:શંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ રહેલ હોવાનું અત્રેની અદાલતનું નમ્રપણે માનવું થાય છે.

વધુમાં નામદાર સર્વોચ્ચ અદાલતે ''કૈલાસ ગોર વિરૂધ્ધ સ્ટેટ ઓફ આસામ ''જે એ.આઈ.આર. ૨૦૧૨, એસ.સી. પાન નંબર–૭૮૬ ના ચુકાદામાં પ્રતિપાદીત કરેલ સિધ્ધાંતો જોતાં તેના પેરા–૨૮માં એમ ઠરાવેલ છે કે,

“It is one of the fundamental principles of criminal jurisprudence that an accused is presumed to be innocent till he is proved to be guilty. It is equally well settled that suspicion howsoever strong can never take the place of proof. There is indeed a long distance between accused 'may have committed the offence' and 'must have committed the offence' which must be traversed by the prosecution by adducing reliable and cogent evidence. Presumption of innocence has been recognised as a human right which cannot be wished away. See Narendra Singh and Anr. v. State of M.P. (2004) 10 SCC 699 : (AIR 2004 SC 3249) and Ranjitsingh Brahmajeetsingh Sharma v. State of Maharashtra and Ors. (2005) 5 SCC 294 : (AIR 2005 SC 2277). To the same effect is the decision of this Court in Ganesan v. Rama Raghuraman and Ors. (2011) 2 SCC 83 : (AIR 2011 SC (Cri) 419) where this Court observed: "Every accused is presumed to be innocent unless his guilt is proved. The Presumption of innocence is human right. Subject to the statutory exceptions, the said principle forms the basis of criminal jurisprudence in India."

વધુમાં નામદાર સર્વોચ્ચ અદાલતે ''દિગમ્બર વૈષ્ણવ વિરૂધ્ધ સ્ટેટ ઓફ છત્તીસગઢ'' નો ચુકાદો કે જે (૨૦૧૯)(૪) (એસ.સી.સી.– પેજ નં.૫૨૨) માં પ્રસિધ્ધ થયેલ છે જેનાં પેરા–૧૫ તથા ૧૯ માં ઠરાવેલ છે કે.

15. One of the fundamental principles of criminal jurisprudence is undeniably that the burden of proof squarely rests on the prosecution and that the general burden never shifts. There can be no conviction on the basis of surmises and conjectures or suspicion howsoever grave it may be. Strong suspicion, strong coincidences and grave doubt cannot take the place of legal proof. The onus of the prosecution

cannot be discharged by referring to very strong suspicion and existence of highly suspicious factors to inculpate the accused nor falsity of defence could take the place of proof which the prosecution has to establish in order to succeed, though a false plea by the defence at best, be considered as an additional circumstance, if other circumstances unfailingly point to the guilt.

19. It is also well-settled principle that in criminal cases, if two views are possible on evidence adduced in the case, one binding to the guilt of the accused and the other is to his innocence, the view which is favourable to the accused, should be adopted. This principle has a special relevance in cases wherein the guilt of the accused is sought to be established by circumstantial evidence [See Kali Ram v. State of Himachal Pradesh, (1973) 2 SCC 808]

## નિષ્કર્ષ

(૧૧) આમ, ફરીયાદપક્ષ આરોપી વિરૂધ્ધ મુકવામાં આવેલ તહોમત ઠોસ, મજબુત, વિશ્વસનીય પુરાવાથી પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ હોય આ કેસનાં ન્યાયિક નિર્ણય અર્થે ઉપસ્થિત થયેલ મુદ્દા નં.૧ નો જવાબ નકારાત્મક ઠરાવી મુદ્દા નં.ર પરત્વેનો નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

## –:: આખરી હુકમ ::–

- આ કામનાં આરોપી :(૧) રાજેશભાઈ ભુંડાભાઈ તડવી રહે.લીમડી, તા.સંતરામપુર જી.મહીસાગરનાઓને બી.એન.એસ.એસ. કલમ–૨૭૧ (૧) અન્વયે BNS-2023 ની કલમ–૧૧૫(૨),૩૫૨,૩૫૧(૩) મુજબ ગુનામાંથી નિર્દોષ છોડી મૂકવાનો હુકમ કરવામાં આવે છે.

- મુદ્દામાલ પાવતીમાં જણાવેલ મુદ્દામાલનો અપીલ સમય વિત્યા બાદ કાયદાનુસાર નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.
- આ કામનાં આરોપીના અગાઉ રજુ કરેલ જુના જામીન ચાલું રાખવાનો હુકમ કરવામાં આવે છે.
- હુકમ આજરોજ ખુલ્લી અદાલતમા વાંચી સંભળાવી મારી સહીથી જાહેર કર્યો.

સ્થળ : સંતરામપુર **(જાવેદહુસેન મોહંમદભાઈ મેમણ)**

તારીખ : ૩૦/૦૬/૨૦૨૬ એડી.ચીફ જયુડી.મેજી.સંતરામપુર.

જજ કોડ જીજે ૦૧૦૭૭